(૨) આ વિસ્તારમાં આરોગ્ય વિભાગે નક્કી કરેલ પ્રોટોકોલ મુજબ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ અને સેમ્પલીંગની કાર્યવાહી કરવાની રહેશે.

(૩) આ વિસ્તારને આવરી લેતા તમામ માર્ગો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવાનો રહેશે. એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ સિવાયના તમામ રસ્તા યોગ્ય બેરીકેટીંગ કરીને સંપૂર્ણ બંધ કરવાના રહેશે અને આખા વિસ્તારને સીલબંધ કરી દેવાનો રહેશે. જેથી એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ સિવાયના અન્ય કોઈ પણ રસ્તેથી કોઈ પણ વ્યક્તિ કે વાહન પ્રવેશી ન શકે કે બહાર ન જઈ શકે. આરોગ્ય ટીમે તમામ વ્યક્તિ તથા વાહનોનો વિગતવાર રેકોર્ડ રાખવાનો રહેશે.

(૪) આ વિસ્તારમાં બહારની કોઇ પણ વ્યક્તિ કોઇ પણ વ્યક્તિ અંદર જઇ શકશે નહીં તથા આ વિસ્તારના રહેવાસી વ્યક્તિ બહાર જઇ શકશે નહીં.

(૫) આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઇન્ટ ઉપર આરોગ્ય ટીમ, આવશ્યક ચીજ વસ્તુઓને જાળવી રાખવાની કામગીરી સંભાળતી ટીમ અને પોલીસ કંટ્રોલ રૂમ ઉભો કરવાનો રહેશે અને ૨૪×૭ રાઉન્ડ ધી ક્લોક ત્યાંથી તમામ બાબતોનું નિયમન કરવાનું રહેશે.

(૬) કન્ટેનમેન્ટ ઝોનમાં ફક્ત આવશ્યક સેવાઓ ૭.૦૦ કલાકથી ૧૯.૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે.

(૭) આવશ્યક સેવાઓ (તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવન જાવનની પ્રવૃત્તિઓ ન થાય તે મુજબ નિયંત્રણ કરવામાં આવશે.

(૮) ભારત સરકારશ્રીનાં Containment Area પ્લાનની ગાઇડલાઇનની ચુસ્તપણે અમલાવારી કરવાની રહેશે.

(૯) કન્ટેનમેન્ટ ઝોનમાંથી કોઇપણ વ્યક્તિ/કર્મચારીઓ કન્ટેનમેન્ટ ઝોનની બહારના સરકારી/ખાનગી એકમોમાં ફરજ ઉપર જઇ શકશે નહીં.

(૧૦) ભારત સરકારશ્રીનાં ગૃહ મંત્રાલયના તા.૨૭/૧/૨૦૨૧ના હુકમ તેમજ ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૩૦/૧/૨૦૨૧ના જાહેરનામા અન્વયે સમગ્ર જિલ્લામાં આપેલ છુટછાટ બાબતે અત્રેની કચેરીએથી પ્રસિધ્ધ કરેલા જાહેરનામા ક્રમાંક : ફજદ/કોવિડ-૧૯/જાહેરનામું/વશી-૧૩૦૪ થી ૧૩૩૫/૨૦૨૧ તા.૧/૪/૨૦૨૧ની છુટછાટની જોગવાઇઓ આ વિસ્તારને લાગુ પડશે નહીં. તેમજ લોકડાઉન અંગેના જાહેરનામામાં દર્શાવેલ પ્રતિબંધિત કૃત્યો કરી શકાશે નહીં.

૨. નીચે જણાવેલ વિસ્તારને COVID-19 બફર ઝોન (BUFFER ZONE) એરીયા તરીકે જાહેર કરવામાં આવે છે.

૧. આહવા (પટેલપાડા), તા.આહવા, જિ. ડાંગ

આહવા તાલુકાના આહવા ગામના પટેલપાડામાં અવિનાશ પ્રકાશ મિસ્ત્રીના ઘરથી પશ્ચિમમાં સંજય શર્માના સુધીનો વિસ્તાર, પૂર્વમાં માધ્યમિક સ્કુલ સુધીનો વિસ્તાર, દક્ષિણમાં આઇ. ટી. આઇ સુધીનો વિસ્તાર, ઉત્તરમાં તેજસ મોદીના ઘર સુધીનો વિસ્તાર

૨. આહવા (જાગૃતિ સોસાયટી), તા.આહવા, જિ. ડાંગ

આહવા તાલુકાના આહવા ગામના જાગૃતિ સોસાયટીમાં અશોક લાલજી કોટડીયાના ઘરથી પશ્ચિમમાં પ્રકાશ પ્રભુ જાવડેકરના ઘર સુધીનો વિસ્તાર, પૂર્વમાં સિધ્ધાર્થ જોષીના ઘર સુધીનો વિસ્તાર, દક્ષિણમાં મેદાન, ઉત્તરમાં જંગલ વિસ્તાર

૩. સાપુતારા, તા.આહવા, જિ. ડાંગ

આહવા તાલુકાના સાપુતારા ગામમાં દાનિયેલભાઇ જયરામભાઇ વળવીના ઘરથી પશ્ચિમમાં કોંગરેભાઇના ઘર સુધીનો વિસ્તાર, પૂર્વમાં કૃણાલભાઇના ઘર સુધીનો વિસ્તાર, દક્ષિણમાં રસ્તો, ઉત્તરમાં મેદાન

૪. માલેગામ, તા. આહવા, જિ. ડાંગ

આહવા તાલુકાના માલેગામ ગામમાં ધન્યા રતન પવારના ઘરથી પશ્ચિમમાં સોમનાથભાઇના ઘર સુધીનો વિસ્તાર, પૂર્વમાં રસ્તો, દક્ષિણમાં રસ્તો, ઉત્તરમાં રસ્તો

૫. ચિંચલી, તા.આહવા, જિ. ડાંગ

આહવા તાલુકાના ચિંચલી ગામમાં સિતારામ બાગુલના ઘરથી પશ્ચિમમાં દિલિપ મનસ્યા ચૌર્યાના ઘર સુધીનો વિસ્તાર, પૂર્વમાં શૈલેષ દામુ બંગાળના ઘર સુધીનો વિસ્તાર, દક્ષિણમાં રતિલાલ સોન્યા જોપળેના ઘર સુધીનો વિસ્તાર, ઉત્તરમાં સુબન બાબુરાવ બાગુલના ઘર સુધીનો વિસ્તાર

૬. કોશિમદા, તા. વઘઇ, જિ. ડાંગ

વઘઇ તાલુકાના કોશિમદા ગામમાં શત્રુ સિલપત પવારના ઘરથી પૂર્વમાં જતુ અખાત્યા પવારનું ઘર, પશ્ચિમમાં ઇંદલ્યાનું ખેતર સુધીનો વિસ્તાર, દક્ષિણમાં મનોજ શત્રુ પવારના ખેતર સુધીનો વિસ્તાર, ઉત્તરમાં શાંતવન રવે પવારનું ઘર સુધીનો વિસ્તાર

૭. દરપાડા, તા. વઘઇ, જિ. ડાંગ

વઘઇ તાલુકાના દરપાડા ગામમાં એનું અરવિંદ ભોયેના ઘરથી પશ્ચિમમાં પ્રાથમિક શાળા સુધીનો વિસ્તાર, પૂર્વમાં લક્ષ્મણ ભિખા સહારેના ઘર સુધીનો વિસ્તાર, દક્ષિણમાં મનુ રતન પવારના ઘર સુધીનો વિસ્તાર, ઉત્તરમાં સંદિપ સોન્યા દિવાના ઘર સુધીનો વિસ્તાર

૮. કુડકસ, તા.વઘઈ, જિ. ડાંગ

વઘઈ તાલુકાના કુડકસ ગામમાં મનુ સોમા રાઉતના ઘરથી પશ્ચિમમાં ખેતર સુધીનો વિસ્તાર, પૂર્વમાં મનુ રાઉતના ઘર સુધીનો વિસ્તાર, દક્ષિણમાં મેઈન રસ્તા સુધીનો વિસ્તાર, ઉત્તરમાં સુરેશ બુધ્યા પવારના ઘર સુધીનો વિસ્તાર

ઉપર્યુક્ત બફર ઝોનમાં આવશ્યક સેવાઓના પુરવઠા સબંધિત અવર જવર માટે માત્ર એક જ માર્ગ ખુલ્લો રાખવાનો રહેશે. આવશ્યક ચીજ વસ્તુઓની ખરીદી માટે ગામની હદની અંદર માત્ર સવારે ૭.૦૦ કલાકથી ૧૯.૦૦ કલાક સુધી મુક્તિ આપવામાં આવે છે. જેમાં સોશ્યલ ડીસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ સમયગાળા દરમ્યાન દ્વિચક્રીય વાહન પર ૧ (એક) વ્યક્તિથી વધુ અને ત્રણ/ચાર ચક્રિય વાહનોમાં બે વ્યક્તિ (ડ્રાઇવરસહિત) થી વધુ પ્રવાસ કરી શકશે નહીં. ઉપર જણાવેલ વિસ્તાર માટે નીચે મુજબનો અપવાદ રહેશે.

અપવાદ

આ હુકમ સરકારી ફરજ-કામગીરી ઉપરના હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી, સરકારી/ખાનગી દવાખાનાના સ્ટાફ તથા ઈમરજન્સી સેવા, કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ જાહેર સેવક કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તેમજ ભારત સરકારના ગૃહ મંત્રાલયના હુકમ નં. ૪૦-૩/૨૦૨૦-DM-I(A) તા.૨૭/૧/૨૦૨૧ના હુકમથી જાહેર કરેલ તેમજ ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા વખતો-વખત જાહેર કરવામાં આવતી આવશ્યક સેવાઓ કે જે માટે અધિકૃત અધિકારીશ્રી દ્વારા પાસ ઈશ્યુ કરવામાં આવેલ છે તેવા વ્યક્તિઓને આ હુકમ લાગુ પડશે નહીં.

અમલવારીનો સમય

આ હુકમની અમલવારી તા.૧૭/૪/૨૦૨૧ થી આ વિસ્તારમાં છેલ્લા COVID-19 પોઝીટીવ દર્દીને રજા આપ્યા પછીના ૧૪ (ચૌદ) દિવસ સુધી.

સજા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ની કલમ ૫૧ થી ૬૦ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી કે અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેમજ સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમ અન્વયે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સપેક્ટર તથા પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને તથા આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ની કલમ ૫૧ થી ૬૦ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૭મી એપ્રિલ, ૨૦૨૧ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

વંચાણમાં લીધું :-

(૧) ધી એપેડેમિક ડિસિઝ એકટ-૧૮૯૭ અન્વયે ગુજરાત એપેડેમિક ડિસિઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન ૨૦૨૦

(૨) ધી નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫

(૩) અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ગુજરાત સરકાર ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : No.GP/9/NCV/102020/SF-1/G તા.૧૩/૩/૨૦૨૦

(૪) અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ગુજરાત સરકાર ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : એન.એચ.એમ./એમ.પી.એમ.યુ./પ્લાનીંગ COVID-19/સત્તાઓ/2019-20/ફા/1966 તા.૨૫/૩/૨૦૨૦

(૫) ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના તા.૨૭/૧/૨૦૨૧ અને તા.૨૩/૩/૨૦૨૧ના હુકમ નં.૪૦-૩/૨૦૨૦ DM-I(A)

(૬) ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૩૦/૩/૨૦૨૧ તથા તા.૧૨/૪/૨૦૨૧ના હુકમ ક્રમાંકઃ વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ (પા. ફા.)

જાહેરનામું

ધી નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ની કલમ-૨૬(૨), ૩૦ અને ૩૪ તેમજ ધી એપેડેમિક ડીસીઝ એક્ટ ૧૮૯૭ની કલમ-૨ હેઠળનું.

નં. એમએજી/વશી/૧૭૯૪ થી ૧૮૧૪/૨૦૨૧.–નોવેલ કોરોના વાઈરસ COVID-19ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. COVID-19ને ફેલાતો અટકાવવા માટે ભારત સરકારશ્રી તેમજ ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૩/૩/૨૦૨૦ના આમુખ (૩) ના જાહેરનામાથી THE GUJARAT EDIDEMIC DISEASES, COVID-19 REGULATIONS 2020 જાહેર કરેલ છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના આમુખ-(૫)ના હુકમથી વિગતવાર માર્ગદર્શિકા જાહેર કરી સમગ્ર દેશમાં તા.૩૧/૩/૨૦૨૧ સુધી કન્ટેન્મેન્ટ ઝોનમાં લોકડાઉનની અવધિ લંબાવવામાં આવેલ છે. અને તે સિવાયના વિસ્તારમાં માર્ગદર્શક સુચના અનુસાર નિયત પ્રવૃત્તિઓ ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે. સમગ્ર ગુજરાત રાજ્ય તેમજ ભારત દેશના કેટલાક વિસ્તારોમાં COVID-19ના કેસો તપાસ દરમ્યાન બહાર આવી રહેલ છે. જેના અનુસંધાને કેન્દ્ર સરકારના ઉક્ત હુકમ અન્વયે આમુખ-(૬)થી ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગ દ્વારા લોકડાઉન અંગે માર્ગદર્શિકાની સમય મર્યાદા નિયત પ્રવૃત્તિઓ માટે કેન્દ્રીય મંત્રાલયો/ વિભાગો તેમજ રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ SOPનું તમામે ચુસ્તપણે પાલન કરવાની શરતે વંચાણ-(૬)ના તા.૩૦/૩/૨૦૨૧ના હુકમથી તા.૩૦/૪/૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે.

આમુખ (૪) થી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ગુજરાત સરકારશ્રી દ્વારા મહામારીની વર્તમાન પરિસ્થિતિનો સામનો કરવા તથા તેના સંક્રમણને નિયંત્રણમાં લેવા હેતુ જિલ્લા કક્ષાએ આયોજન, સંકલન તથા નિયંત્રણમાં લેવા જાહેર હિતમાં લેવાના તમામ પગલાઓ લેવા જિલ્લા કલેક્ટરશ્રીને જરૂરી સત્તાઓ આપવામાં આવેલ છે.

તા. ૧૮/૪/૨૦૨૧ના રોજ ડાંગ જિલ્લાના આહવા તાલુકાના આહવા ગામના ઈંદિરા કોલોનીમાં-૧ અને વઘઈ તાલુકાના વઘઈ ગામના દરગાહ ફળિયામાં-૧ સિંગલ ફળિયામાં-૧, બોરીગાંવઠામાં-૧, વાંઝટઆંબામાં-૧ તથા સુબિર તાલુકાના ઝરણમાં-૧, સાવરદામાં-૧ મળી કુલ-૭ COVID-19ના પોઝીટીવ કેસ પ્રકાશમાં આવેલ છે. આ વાઈરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલારૂપે લોકોની અવર જવર પર પ્રતિબંધ ફરમાવવાની જરૂરિયાત જણાય છે.

વાસ્તે હું, એન. કે. ડામોર, (આઈ. એ. એસ) જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા ધી નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ની કલમ-૨૬(૨), કલમ-૩૦ તથા કલમ-૩૪ તેમજ ધી એપેડેમિક ડીસીઝ એક્ટ ૧૮૯૭ની કલમ-૨ હેઠળ મને મળેલ સત્તાની દર્શાવેલ કૃત્ય ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

હુકમ

૧. COVID-19ના પોઝીટીવ કેસ મળી આવેલ વિસ્તારમાં નીચે મુજબની વિગતે COVID-19 micro Containment Area તરીકે જાહેર કરવામાં આવે છે.

૧. આહવા (ઈંદિરા કોલોની), તા. આહવા, જિ. ડાંગ

આહવા તાલુકાના આહવા ગામના ઈંદિરા કોલોનીમાં પોપટભાઈ હીરાજભાઈ બચ્છાવના ઘરથી પશ્ચિમમાં ઈરફાન શૈયદના ઘર સુધીનો વિસ્તાર, પૂર્વમાં ઈંદિરા કોલોની રોડ સુધીનો વિસ્તાર, દક્ષિણમાં કૈલાસ વાઘના ઘર સુધીનો વિસ્તાર, ઉત્તરમાં આઈ.ટી.આઈ ક્વાર્ટર સુધીનો વિસ્તાર

૨. વાંઝટઆંબા, તા. વઘઈ, જિ. ડાંગ

વઘઈ તાલુકા વાંઝટઆંબા ગામમાં ધર્મુ જતરુ ભોયેના ઘરથી પશ્ચિમમાં ખેતર સુધીનો વિસ્તાર, પૂર્વમાં ચર્ચ તરફનો રસ્તો, દક્ષિણમાં કરશન કુદચ્યા ગાવિતના ઘર સુધીનો વિસ્તાર, ઉત્તરમાં ચર્ચ સુધીનો વિસ્તાર

૩. બોરીગાંવઠા, તા. વઘઈ, જિ. ડાંગ

વઘઈ તાલુકાના બોરીગાંવઠા ગામમાં વાળલભાઈ બેંડુભાઈ ચૌધરીના ઘરથી પશ્ચિમમાં સીતારામ વાળલ ચૌધરીના ઘર સુધીનો વિસ્તાર, પૂર્વમાં રસ્તો, દક્ષિણમાં રમેશ વાળલ ચૌધરીના ઘર સુધીનો વિસ્તાર, ઉત્તરમાં વાડા સુધીનો વિસ્તાર

૪. ઝરણ, તા. સુબીર, જિ. ડાંગ

સુબીર તાલુકાના ઝરણ ગામમાં નિલેશભાઈ વિઠ્ઠલભાઈ ખુરકુટેના ઘરથી દક્ષિણમાં વિજય કોંજુ ખુરકુટેના ઘર સુધીનો વિસ્તાર

૫. વઘઈ (દરગાહ ફળિયુ), તા. આહવા, જિ. ડાંગ

વઘઈ તાલુકાના વઘઈ ગામના દરગાહ ફળિયામાં પ્રકાશ દત્તાત્રેય દુસાણેના ઘરથી પશ્ચિમમાં શાંતા માધવન ફિયાના ઘર સુધીનો વિસ્તાર, પૂર્વમાં નુરમહમદજી ચાંદભાઈ ખલીફાના ઘર સુધીનો વિસ્તાર, દક્ષિણમાં રસ્તો, ઉત્તરમાં ખાલી પ્લોટ સુધીનો વિસ્તાર

૬. સાવરદા, તા. સુબિર, જિ. ડાંગ

સુબિર તાલુકાના સાવરદા ગામમાં લાહનુભાઈ પવારના ઘરથી પૂર્વમાં પવાર ગંગારામ લાહનુંનું ખેતર, પશ્ચિમમાં પવાર શુકર્યા લહાનુંનું ઘર, દક્ષિણમાં રમેશ સકારામના ઘર સુધીનો વિસ્તાર, ઉત્તરમાં સુભાષ બુધ્યા ગાવિતનું ઘર સુધીનો વિસ્તાર

૭. વઘઈ (સિંગલ ફળિયું), તા. વઘઈ, જિ. ડાંગ

વઘઈ તાલુકાના વઘઈ ગામના સિંગલ ફળિયામાં જયપ્રકાશ અંબાલાલ પંચાલના ઘરથી પશ્ચિમમાં પ્રશાંત પ્રભાકરના ઘર સુધીનો વિસ્તાર, પૂર્વમાં રસ્તો, દક્ષિણમાં કિરણ સોમાચંદના ઘર સુધીનો વિસ્તાર, ઉત્તરમાં મુલજી સરેયાના ઘર સુધીનો વિસ્તાર

(૧) આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ પર સરકારશ્રીની આરોગ્ય વિભાગની ગાઈડલાઈન (SOP) મુજબ આરોગ્ય ટીમ દ્વારા ૧૦૦% થર્મલ સ્કીનીંગ કરવાનું રહેશે.

(૨) આ વિસ્તારમાં આરોગ્ય વિભાગે નક્કી કરેલ પ્રોટોકોલ મુજબ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ અને સેમ્પલીંગની કાર્યવાહી કરવાની રહેશે.

(૩) આ વિસ્તારને આવરી લેતા તમામ માર્ગો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવાનો રહેશે. એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ સિવાયના તમામ રસ્તા યોગ્ય બેરીકેટીંગ કરીને સંપૂર્ણ બંધ કરવાના રહેશે અને આખા વિસ્તારને સીલબંધ કરી દેવાનો રહેશે. જેથી એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ સિવાયના અન્ય કોઈ પણ રસ્તેથી કોઈ પણ વ્યક્તિ કે વાહન પ્રવેશી ન શકે કે બહાર ન જઈ શકે. આરોગ્ય ટીમે તમામ વ્યક્તિ તથા વાહનોનો વિગતવાર રેકોર્ડ રાખવાનો રહેશે.

(૪) આ વિસ્તારમાં બહારની કોઈ પણ વ્યક્તિ અંદર જઈ શકશે નહીં તથા આ વિસ્તારના રહેવાસી વ્યક્તિ બહાર જઈ શકશે નહીં.

(૫) આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ ઉપર આરોગ્ય ટીમ, આવશ્યક ચીજ વસ્તુઓને જાળવી રાખવાની કામગીરી સંભાળતી ટીમ અને પોલીસ કંટ્રોલ રૂમ ઉભો કરવાનો રહેશે અને ૨૪×૭ રાઉન્ડ ધી ક્લોક ત્યાંથી તમામ બાબતોનું નિયમન કરવાનું રહેશે.

(૬) કન્ટેનમેન્ટ ઝોનમાં ફક્ત આવશ્યક સેવાઓ ૭.૦૦ કલાકથી ૧૯.૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે.

(૭) આવશ્યક સેવાઓ (તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવન જાવનની પ્રવૃત્તિઓ ન થાય તે મુજબ નિયંત્રણ કરવામાં આવશે.

(૮) ભારત સરકારશ્રીનાં Containment Area પ્લાનની ગાઈડલાઈનની ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે.

(૯) કન્ટેનમેન્ટ ઝોનમાંથી કોઈપણ વ્યક્તિ/કર્મચારીઓ કન્ટેનમેન્ટ ઝોનની બહારના સરકારી/ખાનગી એકમોમાં ફરજ ઉપર જઈ શકશે નહીં.

(૧૦) ભારત સરકારશ્રીનાં ગૃહ મંત્રાલયના તા.૨૭/૧/૨૦૨૧ના હુકમ તેમજ ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૩૦/૧/૨૦૨૧ના જાહેરનામા અન્વયે સમગ્ર જિલ્લામાં આપેલ છુટછાટ બાબતે અત્રેની કચેરીએથી પ્રસિધ્ધ કરેલા જાહેરનામા ક્રમાંક : ફજદ/કોવિડ-૧૯/જાહેરનામું/વશી-૧૩૦૪ થી ૧૩૩૫/૨૦૨૧ તા.૧/૪/૨૦૨૧ની જોગવાઈઓ આ વિસ્તારને લાગુ પડશે નહીં. તેમજ લોકડાઉન અંગેના જાહેરનામામાં દર્શાવેલ પ્રતિબંધિત કૃત્યો કરી શકાશે નહીં.

૨. નીચે જણાવેલ વિસ્તારને COVID-19 બફર ઝોન (BUFFER ZONE) એરીયા તરીકે જાહેર કરવામાં આવે છે.

૧. આહવા (ઇંદિરા કોલોની), તા.આહવા, જિ. ડાંગ

આહવા તાલુકાના આહવા ગામના ઇંદિરા કોલોનીમાં પોપટભાઈ હીરાજભાઈ બચ્છાવના ઘરથી પશ્ચિમમાં રામસિંગ જાદવના સુધીનો વિસ્તાર, પૂર્વમાં ઇન્દિરા કોલોની રોડ સુધીનો વિસ્તાર, દક્ષિણમાં સાયરાબેન શેખના ઘર સુધીનો વિસ્તાર, ઉત્તરમાં આઇ. ટી. આઇ. ક્વાર્ટર સુધીનો વિસ્તાર

૨. વાંઝટઆંબા, તા.વઘઈ, જિ. ડાંગ

વઘઈ તાલુકાના વાંઝટઆંબા ગામમાં ધર્મ જતરુ ભોયેના ઘરથી પશ્ચિમમાં ચર્ચ તરફનો રસ્તો, પૂર્વમાં સુકર ચંદુ પવારના ઘર, દક્ષિણમાં મેઇન રોડ, ઉત્તરમાં ફુલજી રસ્મુ પવારના ઘર સુધીનો વિસ્તાર

૩. બોરીગાંવઠા, તા. વઘઈ, જિ. ડાંગ

વઘઈ તાલુકાના બોરીગાંવઠા ગામમાં વાળલભાઈ બેડુભાઈ ચૌધરીના ઘરથી પશ્ચિમમાં સીતારામ વાળલ ચૌધરીના ઘર સુધીનો વિસ્તાર, પૂર્વમાં ગમજ નથુ ગાવિતના ઘર, દક્ષિણમાં મગન સોમા થોરાટના ઘર સુધીનો વિસ્તાર, ઉત્તરમાં ખાલ્પા જાનુ ચૌધરીના ઘર સુધીનો વિસ્તાર

૪. ઝરણ, તા.સુબીર, જિ. ડાંગ

સુબીર તાલુકાના ઝરણ ગામમાં નિલેશભાઈ વિઠ્ઠલભાઈ ખુરકુટેના ઘરથી દક્ષિણમાં જાનુ કોંજુ ખુરકુટેના ઘર સુધીનો વિસ્તાર

૫. વઘઈ (દરગાહ ફળિયું), તા.આહવા, જિ. ડાંગ

વઘઈ તાલુકાના વઘઈ ગામના દરગાહ ફળિયામાં પ્રકાશ દત્તાત્રેય દુસાણેના ઘરથી પશ્ચિમમાં અનિલ કિશન સોલંકીના ઘર સુધીનો વિસ્તાર, પૂર્વમાં પૂર્વમાં કાંતા રમેશ કુનબીના ઘર સુધીનો વિસ્તાર, દક્ષિણમાં લીલા ધુરીયા ચૌધરીના ઘર સુધીનો વિસ્તાર, ઉત્તરમાં રમેશ માધવ થીયાના ઘર સુધીનો વિસ્તાર

૬. સાવરદા, તા. સુબિર, જિ. ડાંગ

સુબિર તાલુકાના સાવરદા ગામમાં વાહલુભાઈ લાહનુભાઈ પવારના ઘરથી પૂર્વમાં રાજુ બુધ્યાનું ઘર, પશ્ચિમમાં સીતારામ સાબડુનુ ઘર, ઉત્તરમાં સેંતી વાર્યાના ઘર સુધીનો વિસ્તાર, દક્ષિણમાં ખુલ્લી જગ્યા

૭. વઘઈ (સિંગલ ફળિયું), તા. વઘઈ, જિ. ડાંગ

વઘઈ તાલુકાના વઘઈ ગામના સિંગલ ફળિયામાં જયપ્રકાશ અંબાલાલ પંચાલના ઘરથી પશ્ચિમમાં ભરતભાઈના ઘર સુધીનો વિસ્તાર, પૂર્વમાં હિતેશભાઈનું ઘર સુધી, દક્ષિણમાં ખાલી પ્લોટ, ઉત્તરમાં રસ્તો

ઉપર્યુક્ત બફર ઝોનમાં આવશ્યક સેવાઓના પુરવઠા સબંધિત અવર જવર માટે માત્ર એક જ માર્ગ ખુલ્લો રાખવાનો રહેશે. આવશ્યક ચીજ વસ્તુઓની ખરીદી માટે ગામની હદની અંદર માત્ર સવારે ૭.૦૦ કલાકથી ૧૯.૦૦ કલાક સુધી મુક્તિ આપવામાં આવે છે. જેમાં સોશ્યલ ડીસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ સમયગાળા દરમ્યાન દ્વિચકીય વાહન પર ૧ (એક) વ્યક્તિથી વધુ અને ત્રણ/ચાર ચક્રિય વાહનોમાં બે વ્યક્તિ (ડ્રાઇવરસહિત) થી વધુ પ્રવાસ કરી શકશે નહીં. ઉપર જણાવેલ વિસ્તાર માટે નીચે મુજબનો અપવાદ રહેશે.

અપવાદ

આ હુકમ સરકારી ફરજ-કામગીરી ઉપરના હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી, સરકારી/ખાનગી દવાખાનાના સ્ટાફ તથા ઈમરજન્સી સેવા, કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ જાહેર સેવક કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તેમજ ભારત સરકારના ગૃહ મંત્રાલયના હુકમ નં. ૪૦-૩/૨૦૨૦-DM-I(A) તા.૨૭/૧/૨૦૨૧ના હુકમથી જાહેર કરેલ તેમજ ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા વખતો-વખત જાહેર કરવામાં આવતી આવશ્યક સેવાઓ કે જે માટે અધિકૃત અધિકારીશ્રી દ્વારા પાસ ઈશ્યુ કરવામાં આવેલ છે તેવા વ્યક્તિઓને આ હુકમ લાગુ પડશે નહીં.

અમલવારીનો સમય

આ હુકમની અમલવારી તા.૧૮/૪/૨૦૨૧ થી આ વિસ્તારમાં છેલ્લા COVID-19 પોઝીટીવ દર્દીને રજા આપ્યા પછીના ૧૪ (ચૌદ) દિવસ સુધી.

સજા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ની કલમ ૫૧ થી ૬૦ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી કે અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેમજ સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમ અન્વયે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સપેક્ટર તથા પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને તથા આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ની કલમ ૫૧ થી ૬૦ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૮મી એપ્રિલ, ૨૦૨૧ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

એન. કે. ડામોર,
જિલ્લા મેજિસ્ટ્રેટ
ડાંગ-આહવા

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધાઃ

(૧) રાજ્ય સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૩૦/૦૩/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ (પા.ફા.)

(૨) રાજ્ય સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૩૦/૦૧/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક :વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ એસ.આર.-૧૯/૨૦૨૧.

(૩) એત્રેની કચેરીના તા.૧/૩/૦૨૧ના ક્રમાંક : ડીસી/એમએજી/કોરોના/જા.નામું/એસ.આર. ૧૯/૨૦૨૧

(૪) એત્રેની કચેરીના તા.૧/૨/૦૨૧ના ક્રમાંક : ડીસી/એમએજી/કોરોના/જા.નામું/એસ.આર. ૦૭/૨૦૨૧

જાહેરનામું

ફોજદારી કાર્યરિતી અધિનિયમ ૧૯૭૩(૧૯૭૪ ના બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૪ હેઠળનું.

ક્રમાંકઃ ડીસી/એમએજી/કોરોના/જા.નામુ/એસ.આર.૧૯(એ)/ ૨૦૨૧.–સમગ્ર દેશમાં COVID-19 ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી The Disaster Management Act, 2005 થી મળેલ સત્તા અન્વયે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૪/૩/૨૦૨૦ના હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-1(A) થી સમગ્ર દેશમાં તા.૨૫/૩/૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકુફ રાખવામાં આવેલ ત્યારબાદ સમગ્ર દેશમાં COVID-19 ના ACTIVE CASES નોંધપાત્ર ઘટાડો નોંધાયેલ છે. તેમ છતાં COVID-19 ના સંક્રમણને રોકવા તથા સંપુર્ણપણે નાબુદ કરવા સાવચેતી તથા નિયત Containment strategy નું પાલન કરવું આવશ્યક જણાય છે. જેથી surveillance, containment અને Covid-19 ના સંક્રમણને રોકવા અંગેની માર્ગદર્શિકાના ચુસ્તપણે અમલીકરણ માટે National Disaster Management Authority ના નિર્દેશો મુજબ કેન્દ્રિય ગૃહ મંત્રાલયના તા.૨૭/૦૧/૨૦૨૧ હુકમ ક્ર. 40-3/2020-DM-1(A) થી તા.૧/૨/૦૨૧ થી અમલમાં આવે તે રીતે માર્ગદર્શિકાના સમયમર્યાદા કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૬/૨/૨૦૨૧ના હુકમ . 40-3/2020-DM-1(A) થી તા.૩૧/૩/૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે.

ગૃહ મંત્રાલય, ભારત સરકારના તા.૨૩/૦૩/૨૦૨૧ના હુકમથી તા.૧/૪/૨૦૨૧ થી તા.૩૦/૪/૨૦૨૧ સુધી અમલમાં રહે તે રીતે Guideline for effective control of COVID-19 અમલમાં મુકવામાં આવેલ છે. સદર Guideline માં દર્શાવેલ બાબતો અંગે રાજ્ય સરકારના સંબંધીત વિભાગો મારફતે કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

ઉપરોક્ત નિર્દેશો તથા માર્ગદર્શિકાના અમલીકરણ માટે કેટલાક નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. આથી હુ હર્ષદ એમ. વોરા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩ તથા ૩૭ અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ જિલ્લાના પોલીસ કમિશનરની હકુમત સિવાયના મહેસુલી વિસ્તારો માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની માર્ગદર્શિકા ધ્યાને લઈ તથા રાજ્ય સરકારની તા.૩૦/૦૧/૨૦૨૧ના હુકમ થી જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકાની સમયમર્યાદા રાજ્ય સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૩૦/૦૩/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ (પા. ફા.)ની વિગતે તા.૧/૪/૨૦૨૧ થી તા.૩૦/૪/૨૦૨૧ સુધી અમલમાં રહે તેમ નીચે મુજબ ફરમાવું છું.

કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકા ધ્યાને લઈ રાજ્ય સરકારના તા.૩૦/૦૧/૨૦૨૧ના હુકમથી જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકાઓની સમયમર્યાદા વધુ એક માસ માટે એટલે તા.૦૧/૦૪/૨૦૨૧ થી તા.૩૦/૦૪/૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે. જે ધ્યાને લેતાં અત્રેના આમુખ-૩ના તા.૧/૩/૨૦૨૧ના જાહેરનામા થી અમલમાં મુકવામાં માર્ગદર્શિકાએ/સુચનાઓની સમયમર્યાદા તા.૩૦/૪/૨૦૨૧ સુધી લંબાવવામાં આવે છે. ઉક્ત માર્ગદર્શિકા ઉપરાંત નિયત પ્રવૃત્તિ માટે કેન્દ્રીય મંત્રાલયો/વિભાગો તેમજ રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ SOP નું તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા વધુમાં જાહેરમાં થુંકવા તથા જાહેરમાં યોગ્ય રીતે ચહેરો ન ઢાંકવા તથા જાહેરમાં યોગ્ય રીતે ચહેરો ન ઢાંકવા બદલ રાજ્ય સરકાર દ્વારા વખતો વખતના હુકમથી નિયત કરવામાં આવેલ દંડને પાત્ર રહેશે.

વિસ્તાર

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હદ વિસ્તાર સિવાયનો સમગ્ર અમદાવાદ જિલ્લાનો મહેસુલી વિસ્તાર

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૧/૪/૨૦૨૧ના ૦૦.૦૦ કલાકથી તા.૩૦/૪/૨૦૨૧ના ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ-૫૧ થી ૬૦ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ. કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ની કલમ-૧૮૮ અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ ૫૧ થી ૬૦ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧લી એપ્રિલ, ૨૦૨૧ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાડી હુકમ બહાર પાડ્યો.

વંચાણે લીધા:

(૧) ગુજરાત સરકાર ગૃહ વિભાગના હુકમ ક્રમાંક વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૧૨/૪/૨૦૨૧.

(૨) રાજ્ય સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૩૦૦૩/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ (પા. ફા.)

(૩) રાજ્ય સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૩૦/૦૧/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક :વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨

(૪) એત્રેની કચેરીના તા.૧/૪/૦૨૧ના ક્રમાંક : ડીસી/એમએજી/કોરોના/જા.નામું/એસ.આર. ૧૯ (એ)/૨૦૨૧

(૫) એત્રેની કચેરીના તા.૧/૩/૦૨૧ના ક્રમાંક : ડીસી/એમએજી/કોરોના/જા.નામું/એસ.આર. ૧૯/૨૦૨૧

જાહેરનામું

સી.આર.પી.સી. કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૩૭(૪) તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૩ હેઠળનું.

ક્રમાંક: ડીસી/એમએજી/કોરોના/જા.નામુ/એસ.આર.૩૫/ ૨૦૨૧.– નોવેલ કોરોના વાયરસ (COVID-19) ને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સંબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે. જેને અનુલક્ષીને અત્રેથી અત્રેના વંચાણ લીધેલ આમુખ-૪ થી ૬ ની વિગતે જાહેરનામા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. ગુજરાત ગૃહ વિભાગના હુકમ ક્રમાંક વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૧૨/૪/૨૦૨૧ થી રાજ્ય સરકાર દ્વારા વધારાની સુચનાઓ તેમજ માર્ગદર્શિકા બહાર પાડેલ છે.

ઉપરોક્ત નિર્દેશો તથા માર્ગદર્શિકાના અમલીકરણ માટે કેટલાક નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. આથી હું હર્ષદ એમ. વોરા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ તથા ૩૭ અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ જિલ્લાના પોલીસ કમીશનરની હકુમત સિવાયના મહેસુલી વિસ્તારો માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની માર્ગદર્શિકા ધ્યાને લઈ તથા ગુજરાત સરકાર ગૃહ વિભાગના હુકમ ક્રમાંક વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૧૨/૪/૨૦૨૧ના હુકમથી જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકાની વિગતે નીચે મુજબ ફરમાવું છું.

(૧) તા.૧૪.૦૪.૨૦૨૧ થી અમલમાં આવે તે રીતે લગ્ન સમારંભમાં બંધ કે ખુલ્લી જગ્યામાં ૫૦ (પચાસ) થી વધુ વ્યકિતઓ એકઠા થઈ શકશે નહિ.

(૨) જે શહેરોમાં રાત્રિ કર્ફ્યુ અમલમાં હોવાથી કર્ફ્યુ સમય દરમ્યાન લગ્ન સમારંભ યોજી શકાશે નહિ.

(૩) મૃત્યુના કિસ્સામાં અંતિમ વિધિ/ઉત્તરક્રિયામાં ૫૦ (પચાસ)થી વધારે વ્યકિત એકત્ર થઈ શકશે નહિં.

(૪) જાહેરમાં રાજકીય/સામાજીક/ધાર્મિક કાર્યક્રમો, સત્કાર સમારંભ, જન્મ દિવસની ઉજવણી કે અન્ય મેળાવડા યોજવા પર તાત્કાલિક અસરથી સંપુર્ણ પ્રતિબંધ રહેશે.

(૫) એપ્રિલ તથા મે માસ દરમ્યાન આવતા દરેક ધર્મના તહેવારો જાહેરમાં ઉજવી શકાશે નહિં, તથા જાહેરમાં લોકો એકત્ર થઈ શકશે નહિ. તમામ તહેવારો પોતાની આસ્થા અનુસાર ઘરમાં કુટુંબ સાથે ઉજવવાના રહેશે.

(૬) સરકારી, અર્ધ સરકારી, બોર્ડ, કોર્પોરેશન તથા તમામ પ્રકારની ખાનગી ઓફિસોમાં કર્મચારીઓની હાજરીની સંખ્યા ૫૦% સુધી રાખવાની રહેશે અથવા alternate day એ કર્મચારીઓ પરજ પર આવે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે. આવશ્યક સેવાઓને આ જોગવાઈ લાગુ પડશે નહિં.

(૭) રાજ્યના તમામ ધાર્મિક સ્થાનો તા.૩૦/૦૪/૨૦૨૧ સુધી જાહેરજનતા માટે બંધ રાખવા અપીલ કરવામાં આવે છે. ધાર્મિકસ્થાનો ખાતેની દૈનિક પૂજા/વિધી ધાર્મિકસ્થાનોના સંચાલકો/પૂજારીઓ દ્વારા મર્યાદિત લોકો સાથે કરવામાં આવે તે સલાભર્યુ છે. શ્રધ્ધાળુઓને પણ ધાર્મિક સ્થાનોમાં પ્રત્યક્ષ દર્શન ના કરવા જવાની વિનંતી કરવામાં આવે છે.

(૮) ગૃહ વિભાગમાં સમાનક્રમાંકના તા.૦૬/૦૪/૨૦૨૧ ના હુકમથી આપવામાં આવેલ અન્ય સુચનાઓ યથાવત રહેશે.

(૯) આ સમય દરમિયાન કોવિડ-૧૯ સબંધિત અન્ય માર્ગદર્શક સુચનાઓનું દરેક નાગરિકે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

વિસ્તાર

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હદ વિસ્તાર સિવાયનો સમગ્ર અમદાવાદ જિલ્લાનો મહેસુલી વિસ્તાર

શિક્ષા

આ હુકમના ભંગ બદલ The EPIDEMIC DISEASES Act 1897 અન્વયે The GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020 ની જોગવાઈઓ, INDIAN PENAL CODEની કલમ ૧૮૮ તથા THE DISASTER MANAGAMENT ACT ની કલમ ૫૧ થી ૬૦ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ. કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ની કલમ-૧૮૮ અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ ૫૧ થી ૬૦ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧૪મી એપ્રિલ, ૨૦૨૧ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાડી હુકમ બહાર પાડ્યો.

હર્ષદ એમ. વોરા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે.

નંબર એમએજી/જીપીએ/જાહેરનામું/વશી/૧૨૧૮/૨૦૨૧.–મહીસાગર જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠાં ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે હેતુસર નીચે અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભુખ હડતાલ પર બેસવા કે ઉપવાસ ઉપર બેસવા કે સરઘસ/રેલી કાઢવા ઉપર મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું આર. આર. ઠક્કર, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર, માન. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામા/વશી/૫૫૮૦/૨૦૧૯, તા. ૨૯/૦૭/૨૦૧૯થી મળેલ સત્તાની રૂએ નીચે અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તારીખ ૯મી એપ્રિલ, ૨૦૨૧ના કલાક ૦૦-૦૦ કલાક થી તારીખ ૨૩મી એપ્રિલ, ૨૦૨૧ના કલાક ૨૪-૦૦ કલાક (બન્ને દિવસો સહિત) સુધીની મુદત માટે અનધિકૃત/ગેરકાયદેસર રીતે કોઈપણ વ્યક્તિએ/વ્યક્તિઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ૪ થી વધુ માણસો ભેગા થવા કે કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, પ્રતિક દેખાવો, ભુખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા તેમજ સરઘસ/રેલી કાઢવા ઉપર મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

''જિલ્લા સેવા સદન, મહીસાગર તથા જિલ્લાના લુણાવાડા, ખાનપુર, બાલાસિનોર, વિરપુર, સંતરામપુર તથા કડાણા તાલુકા સેવા સદન તેમજ અન્ય તમામ સરકારી કચેરીઓની બહાર કે સદર જિલ્લા/તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજ્યાનો વિસ્તાર''

આ જાહેરનામું નીચેની વ્યક્તિઓ/બાબતોને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓને.

(૩) લગ્નના વરઘોડા તથા સ્મશાન યાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

(૫) સરકારશ્રી દ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાન.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે. અને ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીશ્રીને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો વિરૂધ્ધ લેખિત નોંધાવવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૯મી એપ્રિલ, ૨૦૨૧ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો

આર. આર. ઠક્કર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહીસાગર, લુણાવાડા.

સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધા

(૧) કોવિડ-૧૯ કોરોના વાયરસ સબંધે કેન્દ્ર/ગુજરાત સરકારશ્રીની એસ.ઓ.પી. તેમજ મે. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, બનાસકાંઠા પાલનપુરના વખતોવખતના જાહેરનામા

(૨) મામલતદારશ્રી, પાલનપુર (શહેર)ના પત્ર નં. એડીએમ/કોવિડ-૧૯/વશી/૨૦૨૧ તા.૯/૪/૨૦૨૧.

જાહેરનામું

નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા કલમ-૩૪ તેમજ ધી એપેડેમીક ડીસીઝ એક્ટ, ૧૮૯૭, કલમ-૨ હેઠળનું.

નં. એમએજી/કોરોના/જાના-/વશી ૮૧૬ થી ૩૦/૨૦૨૧.–હાલમાં નોવેલ કોરોના વાયરસ COVID-2019ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ COVID-2019ના વધારે પ્રમાણમાં કેસો નોંધાયેલ છે. જે પરિસ્થિતિને ધ્યાને લેતાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગરના જાહેરનામા તા. ૧૩/૦૩/૨૦૨૦ થી ધી એપેડેમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATIONS 2020 જાહેર કરેલ છે. ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસનો ફેલાવો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. ભારત સરકારની તા. ૩૦/૫/૨૦૨૦ની નવી માર્ગદર્શિકા મુજબ તથા ગુજરાત સરકારના જાહેરનામા ક્રમાંક જીજી/૨૮/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા. ૩૦/૫/૨૦૨૦ થી લોકડાઉન સંદર્ભે નિર્દેશો આપેલ છે. મિશન ડાયરેક્ટરશ્રી, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન તા. ૦૬/૦૪/૨૦૨૦ના પત્રથી કોરોના પોઝીટીવ કેસ નોંધાયેલા હોય તેવા સુચિત વિસ્તાર નક્કી કરવા ગાઇડલાઇન નિર્ધારીત કરવામાં આવેલ છે. જે તમામ એસ.ઓ.પી. અમલમાં છે અને તેનું પાલન કરવાનું થાય છે. તાજેતરમાં બનાસકાંઠા જિલ્લામાં નીચે મુજબના વિસ્તારોમાં કોરોના પોઝીટીવ કેસો પ્રકાશમાં આવેલ છે. જે અન્વયે મામલતદારશ્રી, પાલનપુર (શહેર)એ આમુખ-૨થી કન્ટેઇનમેન્ટ ઝોન અંગેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ કરેલ છે. કોરોના વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલારૂપે લોકોની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવાની જરૂર જણાય છે.

સબબ હું, એસ. ડી. ગીલવા, (જી. એ. એસ.), સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, પાલનપુર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે દર્શાવેલ નિર્દેશોનું પાલન કરવા ફરમાવું છું.

હુકમ

નીચે જણાવેલ વિસ્તારને Covid-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવે છે.

અ.નં.	તાલુકાનું નામ	ગામનું નામ	સબંધિત તાલુકાના કન્ટેઇનમેન્ટ વિસ્તારના ગામનું નામ/વિસ્તાર	કેસની સંખ્યા	વસ્તી	કુલ ઘર
૧	૨	૩	૪	૫	૬	૭
૧	પાલનપુર	પાલનપુર	ઘર નં. બી/૨૧,૨૩ અને ૨૪ રહે. વર્ધમાન બંગ્લોઝ, અમદાવાદ હાઈવે, પાલનપુર	૧	૧૩	૩
૨			પ્રજાપતિ ધનજીભાઈ ભેમાજીના ઘરથી મોઢ ગીતાબેન કેશવલાલના ઘર સુધી રહે. શક્તિનગર સોસાયટી, સુખબાગ રોડ, પાલનપુર	૧	૨૬	૮
૩			ઘર નં. ૧૬, ૨૯ અને ૨૯ રહે. પાર્થ સોસાયટી, એગોલા રોડ, પાલનપુર	૧	૨૩	૬
૪			નરેન્દ્રભાઈ શાહના દવાખાનાથી ભરતભાઈ ગણુભાઈના ઘર સુધી રહે. બ્રાહ્મણવાસ રહે. બ્રાહ્મણવાસ સીવીલ હોસ્પિટલ પાછળ, પાલનપુર	૧	૩૯	૯
૫			માધાભાઈ કાળુભાઈના ઘરથી નરસિંહભાઈ કાળુભાઈ પટેલના ઘર સુધી રહે. ફાર્મ હાઉસ, ગૌરીપાર્કની સામે, એગોલા રોડ, પાલનપુર	૧	૨૬	૪

અ.નં.	તાલુકાનું નામ	ગામનું નામ	સબંધિત તાલુકાના કન્ટેઇનમેન્ટ વિસ્તારના ગામનું નામ/વિસ્તાર	કેસની સંખ્યા	વસ્તી	કુલ ઘર
૬	પાલનપુર	પાલનપુર	પ્રભુભાઇ તુલશીભાઇ રાણાના ઘરથી અર્જુનભાઇ રમેશભાઇ સલાટના ઘર સુધી, નવરંગ સોસાયટી, માનસરોવર રોડ, પાલનપુર	૧	૨૦	૫
૭			શ્રીજી બંગ્લોઝ, તીરૂપતી ટાઉનશીપ ભાગ-૨, ડીસા હાઈવે, પાલનપુર	૨	-	-
૮			સિધ્ધરાજ્ય જયસિંહનગર, પાલનપુર	૧	-	-
૯			આસોપાલવ સોસાયટી, લક્ષણટેકરી, પાલનપુર	૧	-	-
૧૦			મકાન નં. ૧ થી ૬, રહે. ધરતીવીલા, બિજેશ્વર કોલોની, પાલનપુર	૧	૨૯	૬
૧૧			ડાભી પરમારભાઇના ઘરથી રાહુલભાઇ ડાભીના ઘર સુધી, રહે પ્રેમનિવાસ, ડાભીવાસ, સાતસંચા પાસે, પાલનપુર	૧	૨૬	૫
કુલ				૧૨	૨૦૨	૪૬

ઉક્ત કોષ્ટકના કોલમ નં. ૪ મુજબના જાહેર કરવામાં આવેલ Containment Area ના વિસ્તારમાં તમામ પ્રકારની અવર-જવર ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવે છે. આ વિસ્તારના રહેવાસીઓને રાશન વિ. આવશ્યક ચીજ-વસ્તુઓ/સેવાઓ સવારે ૦૭.૦૦ કલાક થી સાંજના ૦૭.૦૦ કલાક સુધી જ ચાલુ રાખી શકશે.

સદરહુ વિસ્તારમાં પ્રવેશ માટેનો એક જ માર્ગ ખુલ્લો રાખી બાકીના તમામ માર્ગ અવર-જવર માટે બંધ કરવાના રહેશે.

ઉક્ત જણાવેલ વિસ્તાર માટે નીચે મુજબનો અપવાદ લાગુ પડશે.

(૧) સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ તથા તેના વાહનો (સરકારી અને ખાનગી સહિત)

(૨) આ વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક સાધનો.

(૩) આવશ્યક ચીજવસ્તુનું વેચાણ/વિતરણ કરતાં તંત્ર દ્વારા આપવામાં આવેલ પાસ ધારકો.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૯મી એપ્રિલ, ૨૦૨૧ થી તા. ૬ઠ્ઠી મે, ૨૦૨૧ સુધી દિન-૨૮ સુધી અમલમાં રહેશે. અન્ય કોઇ જાહેરનામાંથી મુદ્દત વધારો ન કરવામાં આવે તો આ જાહેરનામાની મુદ્દત પુર્ણ થતાં કન્ટેઇનમેન્ટ ઝોનનાં નિયંત્રણોમાંથી આપોઆપ મુક્ત થયેલ ગણાશે. અન્ય કોઇ કન્ટેઇનમેન્ટ ઝોનનાં નિયંત્રણોમાંથી મુક્ત અંગેનું જાહેરનામું બહાર પાડવાનું રહેશે નહી.

આ હુકમ અન્વયે બનાસકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઇન્સપેકટર દરજ્જાથી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાના ભંગ કરનાર ઇસમો સામે તથા ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૯મી એપ્રિલ, સને ૨૦૨૧ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

વંચાણમાં લીધા

(૧) કોવિડ-૧૯ કોરોના વાયરસ સબંધે કેન્દ્ર/ગુજરાત સરકારશ્રીની એસ.ઓ.પી. તેમજ મે. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, બનાસકાંઠા પાલનપુરના વખતોવખતના જાહેરનામા

(૨) મામલતદારશ્રી, પાલનપુર (ગ્રામ્ય)ના પત્ર નં. એમ.એ.જી./કોવિડ-૧૯/વશી/૨૦૨૧ તા.૯/૪/૨૦૨૧.

જાહેરનામું

નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા કલમ-૩૪ તેમજ ધી એપેડેમીક ડીસીઝ એક્ટ, ૧૮૯૭, કલમ-૨ હેઠળનું.

નં. એમએજી/કોરોના/જાના-/વશી ૮૦૧ થી ૧૫/૨૦૨૧.–હાલમાં નોવેલ કોરોના વાયરસ COVID-2019ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ COVID-2019ના વધારે પ્રમાણમાં કેસો નોંધાયેલ છે. જે પરિસ્થિતિને ધ્યાને લેતાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગરના જાહેરનામા તા. ૧૩/૦૩/૨૦૨૦ થી ધી એપેડેમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATIONS 2020 જાહેર કરેલ છે. ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસનો ફેલાવો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. ભારત સરકારની તા. ૩૦/૫/૨૦૨૦ની નવી માર્ગદર્શિકા મુજબ તથા ગુજરાત સરકારના જાહેરનામા ક્રમાંક જીજી/૨૮/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા. ૩૦/૫/૨૦૨૦ થી લોકડાઉન સંદર્ભે નિર્દેશો આપેલ છે. મિશન ડાયરેક્ટરશ્રી, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન તા. ૦૬/૦૪/૨૦૨૦ના પત્રથી કોરોના પોઝીટીવ કેસ નોંધાયેલા હોય તેવા સુચિત વિસ્તાર નક્કી કરવા ગાઇડલાઇન નિર્ધારીત કરવામાં આવેલ છે. જે તમામ એસ.ઓ.પી. અમલમાં છે અને તેનું પાલન કરવાનું થાય છે. તાજેતરમાં બનાસકાંઠા જિલ્લામાં નીચે મુજબના વિસ્તારોમાં કોરોના પોઝીટીવ કેસો પ્રકાશમાં આવેલ છે. જે અન્વયે મામલતદારશ્રી, પાલનપુર (શહેર)એ આમુખ-૨થી કન્ટેઈનમેન્ટ ઝોન અંગેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ કરેલ છે. કોરોના વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલારૂપે લોકોની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવાની જરૂર જણાય છે.

સબબ હું, એસ. ડી. ગીલવા, (જી. એ. એસ.), સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, પાલનપુર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે દર્શાવેલ નિર્દેશોનું પાલન કરવા ફરમાવું છું.

હુકમ

નીચે જણાવેલ વિસ્તારને Covid-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવે છે.

અ.નં.	તાલુકાનું નામ	ગામનું નામ	સબંધિત તાલુકાના કન્ટેઈનમેન્ટ વિસ્તારના ગામનું નામ/વિસ્તાર	કેસની સંખ્યા	વસ્તી	કુલ ઘર
૧	૨	૩	૪	૫	૬	૭
૧	પાલનપુર	પીરોજપુરા	ભગતવાસ મહેન્દ્ર મહાદેવભાઈના ઘરથી ભગત સંજય લાલજીભાઈના ઘર સુધી, ભગતવાસ, પીરોજપુરા, તા. પાલનપુર	૧	૧૫	૩
૨		જગાણા	પ્રજાપતિ ભાઈચંદભાઈ વિરાભાઈના ઘરથી પ્રજાપતિ રમેશભાઈ કેવળભાઈના ઘર સુધી, ઉગમણી શેરી (દેસાઈવાસ), જગાણા, તા. પાલનપુર	૧	૩૯	૯
૩		લાલાવાડા	પુરબીયા માનજીભાઈના ઘરથી પુરબીયા મોતીભાઈ રતાભાઈના ઘર સુધી, પુરબીયાવાસ, લાલાવાડા, તા. પાલનપુર	૧	૪૨	૭
કુલ				૩	૯૬	૧૯

ઉક્ત કોષ્ટકના કોલમ નં. ૪ મુજબના જાહેર કરવામાં આવેલ Containment Area ના વિસ્તારમાં તમામ પ્રકારની અવર-જવર ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવે છે. આ વિસ્તારના રહેવાસીઓને રાશન વિ. આવશ્યક ચીજ-વસ્તુઓ/સેવાઓ સવારે ૦૭.૦૦ કલાક થી સાંજના ૦૭.૦૦ કલાક સુધી જ ચાલુ રાખી શકશે.

સદરહુ વિસ્તારમાં પ્રવેશ માટેનો એક જ માર્ગ ખુલ્લો રાખી બાકીના તમામ માર્ગ અવર-જવર માટે બંધ કરવાના રહેશે.

અપવાદ

ઉક્ત જણાવેલ વિસ્તાર માટે નીચે મુજબનો અપવાદ લાગુ પડશે.

(૧) સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ તથા તેના વાહનો (સરકારી અને ખાનગી સહિત)

(૨) આ વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક સાધનો.

(૩) આવશ્યક ચીજવસ્તુનું વેચાણ/વિતરણ કરતાં તંત્ર દ્વારા આપવામાં આવેલ પાસ ધારકો.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૯મી એપ્રિલ, ૨૦૨૧ થી તા. ૬ઠ્ઠી મે, ૨૦૨૧ સુધી દિન-૨૮ સુધી અમલમાં રહેશે. અન્ય કોઇ કન્ટેઈનમેન્ટ ઝોનનાં નિયંત્રણોમાંથી મુક્ત અંગેનું જાહેરનામું બહાર પાડવાનું રહેશે નહી.

આ હુકમ અન્વયે બનાસકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિક્ષક દરજ્જાથી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાના ભંગ કરનાર ઇસમો સામે નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી કલમ-૫૮ તથા ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૯મી એપ્રિલ, સને ૨૦૨૧ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

વંચાણમાં લીધા

(૧) કોવિડ-૧૯ કોરોના વાયરસ સબંધે કેન્દ્ર/ગુજરાત સરકારશ્રીની એસ.ઓ.પી. તેમજ મે. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, બનાસકાંઠા પાલનપુરના વખતોવખતના જાહેરનામા

(૨) મામલતદારશ્રી, પાલનપુર (શહેર)ના પત્ર નં. એડીએમ/કોવિડ-૧૯/વશી/૨૦૨૧ તા.૧૨/૪/૨૦૨૧.

જાહેરનામું

નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા કલમ-૩૪ તેમજ ધી એપેડેમીક ડીસીઝ એક્ટ, ૧૮૯૭, કલમ-૨ હેઠળનું.

નં. એમએજી/કોરોના/જાના-/વશી ૮૪૬ થી ૬૦/૨૦૨૧.–હાલમાં નોવેલ કોરોના વાયરસ COVID-2019ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ COVID-2019ના વધારે પ્રમાણમાં કેસો નોંધાયેલ છે. જે પરિસ્થિતિને ધ્યાને લેતાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગરના જાહેરનામા તા. ૧૩/૦૩/૨૦૨૦ થી ધી એપેડેમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATIONS 2020 જાહેર કરેલ છે. ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસનો ફેલાવો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. ભારત સરકારની તા. ૩૦/૫/૨૦૨૦ની નવી માર્ગદર્શિકા મુજબ તથા ગુજરાત સરકારના જાહેરનામા ક્રમાંક જીજી/૨૮/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા. ૩૦/૫/૨૦૨૦ થી લોકડાઉન સંદર્ભે નિર્દેશો આપેલ છે. મિશન ડાયરેક્ટરશ્રી, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન તા. ૦૬/૦૪/૨૦૨૦ના પત્રથી કોરોના પોઝીટીવ કેસ નોંધાયેલા હોય તેવા સુચિત વિસ્તાર નક્કી કરવા ગાઇડલાઇન નિર્ધારીત કરવામાં આવેલ છે. જે તમામ એસ.ઓ.પી. અમલમાં છે અને તેનું પાલન કરવાનું થાય છે. તાજેતરમાં બનાસકાંઠા જિલ્લામાં નીચે મુજબના વિસ્તારોમાં કોરોના પોઝીટીવ કેસો પ્રકાશમાં આવેલ છે. જે અન્વયે મામલતદારશ્રી, પાલનપુર (શહેર)એ આમુખ-૨થી કન્ટેઇનમેન્ટ ઝોન અંગેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ કરેલ છે. કોરોના વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલારૂપે લોકોની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવાની જરૂર જણાય છે.

સબબ હું, એસ. ડી. ગીલવા, (જી. એ. એસ.), સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, પાલનપુર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે દર્શાવેલ નિર્દેશોનું પાલન કરવા ફરમાવું છું.

હુકમ

નીચે જણાવેલ વિસ્તારને Covid-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવે છે.

અ.નં.	તાલુકાનું નામ	ગામ/શહેર નું નામ	સબંધિત તાલુકાના કન્ટેઈન્ટમેન્ટ વિસ્તારના ગામનું નામ/વિસ્તાર	કેસની સંખ્યા	વસ્તી	કુલ ઘર	વોર્ડ નંબર
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	પાલનપુર	પાલનપુર	સચીન સુથારના ઘર થી મોદી ભીખાભાઈના ઘર સુધી રહે.ગ્રીનપાર્ક સોસાયટી, કુબેરનગર, અમદાવાદ હાઈવે, પાલનપુર	૧	૯	૩	૮
૨			ફલેટમાં રહે છે. શ્યામવીલા, હનુમાન ટેકરી, પાલનપુર	૧	૧	૧	૮
૩			ડાબી બાજુ દશરથ એન.વાવડીયાના ઘર થી ગઢવી ઉમેદસિંહના ઘર સુધી, જમણી બાજુ ત્રિવેદી રાજેશકુમાર ત્રિકમલાલના ઘરથી ચેલાણી અનીલભાઈ કે ના ઘર સુધી શાંતિ નિકેતન સોસાયટી, પાલનપુર	૧	૨૬	૬	૮
૪			સુલોચનાબેન મહેન્દ્રભાઈ પટેલના ઘર થી ગઢવી અરવિંદદાન બાબુલાલના ઘર સુધી રહે.સાકાર રેસીડેન્સી, પાલનપુર	૧	૨૦	૬	૧
૫			ભીખાભાઈ એમ.પરમાર ઘર થી કૈલાશબેન એમ.પઢીયારના ઘર સુધી રહે.ગીતા સોસાયટી, બેંક સોસાયટીની પાછળ, પાલનપુર	૧	૩૩	૬	૨

૬	પાલનપુર	પાલનપુર	દિનેશભાઈ પટેલના ઘર થી રવિભાઈ પી.લુહાણીના ઘર સુધી, રહે.કોલેજ કમ્પાઉન્ડ, પાલનપુર	૧	૩૦	૬	૨
૭			સિંધી અમજતખાન જમશેદખાનના ઘર થી ઉમતીયા શફીકભાઈ ઈબ્રાહીમભાઈના ઘર સુધી, રહે.આજવા પાર્ક સ્કુલની પાછળ, જામપુરા, પાલનપુર	૧	૨૨	૫	૭
૮			અરવિંદભાઈ કે.પરમારના ઘરથી જેઠાભાઈ ડી.પમારના ઘર સુધી, રહે.કોલેજ કમ્પાઉન્ડ, પાલનપુર	૧	૨૯	૬	૨
૯			ડાબી બાજુ સરદારભાઈ ગોવિંદભાઈ પટેલના ઘર થી ભરતભાઈ પ્રજાપતિના ઘર સુધી, જમણી બાજુ રાહુલભાઈ બી.રાવલના ઘરથી બાબુલાલ કે.રાવલના ઘર સુધી રહે.શીવનગર સોસાયટી, એગોલા રોડ, પાલનપુર	૧	૩૦	૬	૮
૧૦			રહે.તીરૂપતી રાજનગર, પાલનપુર	૧	-	-	૧
૧૧			રહે.શીવમહેલ બંગ્લોઝ, બિહારીબાગ, પાલનપુર	૧	-	-	૮
૧૨			દિલીપભાઈ ઉજમભાઈ વ્હોરાના ઘર થી હીનાબેન પ્રવિણચંદ્ર પંડયાના ઘર સુધી, રૂદ્ર એપાર્ટમેન્ટની બાજુમાં, ડીસા હાઈવે, પાલનપુર	૧	૫	૨	૮
૧૩			ભેમજીભાઈ ભીખાભાઈ પટેલના ઘર થી વિનોદભાઈ ભીખાભાઈ પવારના ઘર સુધી, રહે.તીરૂપતી ઉમા બંગ્લોઝ, પાલનપુર	૧	૧૩	૪	૮
૧૪			પુષ્પાબેન રવીન્દ્રભાઈ કોળીના ઘર થી નિરંજનભાઈ જયસિંહ કોળીના ઘર સુધી રહે.જનતાનગર સોસાયટી, પાલનપુર	૧	૨૦	૪	૧
૧૫			ઘર નં.૧, ૨ અને ૩ રહે.શ્રધ્ધા સોસાયટી, આકેસણ ફાટક પાસે, પાલનપુર	૧	૧૨	૩	૮
૧૬			મોદી સંદીપભાઈ વિનોદભાઈના ઘર થી ડાહયાભાઈ શાંતીભાઈ ચૌહાણના ઘર સુધી રહે. કૃષ્ણ કોલોની, તિરૂપતી પ્લાઝાની પાછળ, પાલનપુર	૧	૨૯	૬	૭
૧૭			પટેલ તન્મય અશોકભાઈના ઘર થી શર્મા યોગેશભાઈ કેદારનાથના ઘર સુધી, રહે.સમર્પણ ફ્લેટ, ઢુંઢીયાવાડી,પાલનપુર	૧	૨૨	૬	૮
૧૮			ઘર નં.૧ થી ૧૦ રહે.રાધે રેસીડેન્સી, પારપડા રોડ, પાલનપુર	૧	૨૨	૫	૧
૧૯			ડાબી બાજુ અગ્રવાલ કનૈયાલાલ બાબુલાલના ઘર થી અશોકભાઈ ગુપ્તાના ઘર સુધી જમણી બાજુ સંજયભાઈ મોઢના ઘર થી ઘર નં.૧૫ સુધી રહે.શાંતિનિકેતન સોસાયટી, એગોલા રોડ, પાલનપુર	૨	૨૪	૭	૮
૨૦			ડાબી બાજુ અશોકભાઈ કે.ગુપ્તાના ઘર થી હિતેશભાઈ મેવાડાના ઘર સુધી જમણી બાજુ મહેશકુમાર ચૌહાણના ઘર થી હરેભાઈ જી.થીગાડાના ઘર સુધી રહે.નંદનવન સોસાયટી, એગોલા રોડ, પાલનપુર	૧	૨૨	૬	૧
૨૧			શૈલેષભાઈ રાવલના ઘર થી કાંતીલાલ રાવલના ઘર સુધી, ગાયત્રી પરીવાર, સુખબાગ રોડ, પાલનપુર	૧	૪૧	૯	૧
૨૨			અરવિંદભાઈ જોષીના ઘર થી મહેશભાઈ પટેલના ઘર સુધી, સુયોગ બંગ્લોઝ, આકેસણ ફાટક, પાલનપુર	૧	૨૩	૫	૮
૨૩			કાળુદાસ પટેલના ઘર થી દર્શનભાઈ બી.મહેતાના ઘર સુધી રહે.મહાલક્ષ્મી નગર, લાલ બંગલાની પાછળ, પાલનપુર	૧	૩૦	૯	૮
૨૪			મુકેશભાઈ લજપતરાય મલાણીના ઘર થી મહેશકુમાર યુ.ચંદાણીના ઘર સુધી, ભાગ્યોદય સોસાયટી, જુના મહેશ્વરી હોલની પાછળ, પાલનપુર	૧	૨૮	૬	૩
૨૫			નિર્સગભાઈ આચાર્યના ઘર થી ભટ્ટ ગોવિંદભાઈ ડાહયાભાઈના ઘર સુધી, જામબાઈની વાડી, પાલનપુર	૧	૧૯	૪	૨
૨૬			આશિષ રમેશભાઈ દરજીના ઘર થી જીગર લાભશંકર મહેશ્વરીના ઘર સુધી રહે.શકિતનગર–૨,પાલનપુર	૧	૨૮	૪	૨
૨૭			ઘર નં.૯૫ થી ૧૦૦ રહે. ચાણકયપુરી સોસાયટી, હનુમાન ટેકરી, પાલનપુર	૧	૨૦	૬	૭
૨૮			ડાબી બાજુ ઘર નં.સી.૮/૨ થી ઘર નં.સી.૭/૧ સુધી જમણી બાજુ ઘર નં.સી.૫/૧ થી ઘર નં.સી.૬/૨ સુધી રહે.નક્ષત્ર બંગ્લોઝ, એગોલા રોડ, પાલનપુર	૧	૨૬	૬	૮
૨૯			ઘર નં.૮૪ બી અને ૮૫ બી રહે.શીવમહેલ સોસાયટી, બિહારી બાગ સામે, પાલનપુર	૧	૧૯	૪	૮
કુલ				૩૦	૬૦૩	૧૪૧	

ઉક્ત કોષ્ટકના કોલમ નં. ૪ મુજબના જાહેર કરવામાં આવેલ Containment Area ના વિસ્તારમાં તમામ પ્રકારની અવર-જવર ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવે છે. આ વિસ્તારના રહેવાસીઓને રાશન વિ. આવશ્યક ચીજ-વસ્તુઓ/સેવાઓ સવારે ૦૭.૦૦ કલાક થી સાંજના ૦૭.૦૦ કલાક સુધી જ ચાલુ રાખી શકશે.

સદરહુ વિસ્તારમાં પ્રવેશ માટેનો એક જ માર્ગ ખુલ્લો રાખી બાકીના તમામ માર્ગ અવર-જવર માટે બંધ કરવાના રહેશે.

અપવાદ

ઉક્ત જણાવેલ વિસ્તાર માટે નીચે મુજબનો અપવાદ લાગુ પડશે.

(૧) સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ તથા તેના વાહનો (સરકારી અને ખાનગી સહિત)

(૨) આ વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક સાધનો.

(૩) આવશ્યક ચીજવસ્તુનું વેચાણ/વિતરણ કરતાં તંત્ર દ્વારા આપવામાં આવેલ પાસ ધારકો.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૧૨મી એપ્રિલ, ૨૦૨૧ થી તા. ૯મી મે, ૨૦૨૧ સુધી દિન-૨૮ સુધી અમલમાં રહેશે. અન્ય કોઇ જાહેરનામાંથી મુદ્દત વધારો ન કરવામાં આવે તો આ જાહેરનામાની મુદ્દત પુર્ણ થતાં કન્ટેઈનમેન્ટ ઝોનનાં નિયંત્રણોમાંથી આપોઆપ મુક્ત થયેલ ગણાશે. અન્ય કોઇ કન્ટેઈનમેન્ટ ઝોનનાં નિયંત્રણોમાંથી મુક્ત અંગેનું જાહેરનામું બહાર પાડવાનું રહેશે નહી.

આ હુકમ અન્વયે બનાસકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેકટર દરજ્જાથી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાના ભંગ કરનાર ઇસમો સામે ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૯મી એપ્રિલ, સને ૨૦૨૧ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એસ. ડી. ગીલવા,
સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
પાલનપુર.
